માનસી શ્રોફ

# બોલો, બનાવવું છે તમારું પોર્ટ્રેટ?

**તૃપ્તિ કેડિયા-ગુપ્તા** અને એની કંપની પોર્ટ્રેટની વિસરાતી જતી કળાને લોકો સુધી પહોંચાડી રહી છે.

*તમને ક્યારેય તમારું પોતાનું પોર્ટ્રેટ બનાવવાનું મન થાય છે? આવી ક્રિયેટિવ આર્ટ કોઈને ગિફ્ટમાં પણ આપી છે?*

નહીં ને..? કારણ સહજ છે. મોબાઈલ કૅમેરા અને ડિજિટલ કૅમેરામાં ઝડપથી ફોટા પાડીને સોશિયલ નેટવર્કિંગ સાઈટ્સ પર પોસ્ટ કરવાનું એટલું સહેલું છે કે આપણામાં આર્ટિસ્ટ સામે બેસીને પોર્ટ્રેટ બનાવડાવવાની ધીરજ ક્યાંથી હોય?

તમને થશે કે આપણે કંઈ રાજા-રાણી થોડાં છીએ? પોર્ટ્રેટ તો પહેલાંના જમાનાના લોકો બનાવતા, અત્યારે શું છે? જો કે ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે. સફળ અને મહાન લોકો જ નહીં, આપણા જેવા સામાન્ય માણસો પણ હવે પોતાનાં પોર્ટ્રેટ બનાવડાવી રહ્યા છે કાં તો ગિફ્ટ કરી રહ્યા છે. કૉર્પોરેટ કંપનીઓ પોતાના ક્લાયન્ટ્સ કે સિનિયર બૉસને પણ આવી જ ચીજ ગિફ્ટમાં આપે છે અને આ ટ્રેન્ડ લાવનારી વ્યક્તિ છે તૃપ્તિ કેડિયા-ગુપ્તા.



તૃપ્તિ આ વિશે વિસ્તારથી કહે છેઃ

'તમે લિયોનાર્દો દ વિન્ચી કે પિકાસો, વગેરે જેવા આર્ટિસ્ટ્સ વિશે વાંચશો તો સમજાશે કે એ પણ મહાન પોર્ટ્રેટ આર્ટિસ્ટ હતા. જો કે કોણ જાણે કેમ પણ આટલું ઋજુ અને કળાત્મક માધ્યમ આપણા દેશમાંથી લુપ્ત થઈ રહ્યું છે. મારી કોશિશ એ જ છે કે આ કળાનો લાભ બધા જ લઈ શકે અને વધુ ને વધુ લોકો આ કળાને સમજી શકે.'

તૃપ્તિ કેડિયા-ગુપ્તાએ ત્રણ વર્ષ પહેલાં *યૉર પોર્ટ્રેટ* નામક કંપની સ્થાપી છે. આ કંપનીમાં એણે સંઘર્ષ કરતા કલાકારોની ટીમ બનાવી છે. એ કૉર્પોરેટ કંપનીથી લઈને વ્યક્તિગત ધોરણે આ કળાને વિસ્તારી રહી છે. તૃપ્તિ માત્ર આટલા ટૂંકા ગાળામાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી, નરેન્દ્ર મોદી, મુકેશ-નીતા અંબાણી, રાકેશ ઝુનઝુનવાલા, નારાયણ મૂર્તિ, ચંદા કોચર, સુભાષચંદ્ર ગોયલ, ઝિંદાલ ગ્રુપ, એસ્સાર ગ્રુપ, અમિતાભ બચ્ચન, શાહરુખ ખાન, સુનીલ-માના શેટ્ટી જેવી સફળ વ્યક્તિઓ અને કંપનીઓને પોતાની સેવા આપી ચૂકી છે.

એ વખતે ઈન્ટર્નશિપ દરમિયાન તૃપ્તિએ *આજ તક* ચૅનલમાં જોડાવાનું નક્કી કર્યું. એક મહિના બાદ તૃપ્તિ *આજ તક* ન્યૂઝચૅનલમાં બિઝનેસ જર્નલિસ્ટ તરીકે જોડાઈ. પાંચ વર્ષના આ સમય દરમિયાન તૃપ્તિને ઘણા અનુભવ થયા. હેડલાઈન્સ ટ્રેડ બિઝનેસ ન્યૂઝ, વગેરેમાં ઍન્કરિંગ-સંચાલન પણ કર્યું. વધુ યોગ્યતા હાંસલ કરવા માટે એણે લંડન જઈને *ઈન્ટરનૅશનલ જર્નલિઝમ*નો કોર્સ પણ આ જ દરમિયાન કર્યો.

તૃપ્તિ કહે છેઃ

'આમ છતાં જિંદગીમાં કશુંક ખૂટતું હોય એવું લાગ્યા કરતું. *ટાઈમ્સ નાઉ* ચૅનલની ઑફર આવી, પણ હું ન ગઈ. *મિન્ટ* ન્યૂઝ પેપરમાં પણ હું સિલેક્ટ થઈ, છતાંય મને ન જામ્યું. છેવટે મેં *આજ તક* ન્યૂઝચૅનલ છોડી દીધી. એ જ દરમિયાન *યુ ટીવી*ની *બ્લૂમબર્ગ* ન્યૂઝચૅનલ શરૂ થવાની હતી. એમણે મને સારી ઑફર આપી. ત્રણ વર્ષમાં મેં બધાય સફળ, મહાન, પ્રતિષ્ઠિત બિઝનેસમેનના ઈન્ટરવ્યૂ કરી લીધા. બધાય પ્રકારનો સંતોષ હતો, પણ મનમાં હંમેશાં થતું હતું કે મારી સક્સેસ સ્ટોરી ક્યારે થશે? એટલે કે હું ક્યારે મારું





***મુકેશ-નીતા અંબાણી અને સુનીલ-માના શેટ્ટી જેવી સેલિબ્રિટીનાં પોર્ટ્રેટ્સ પણ તૃપ્તિની કંપનીએ બનાવ્યાં છે.***

કશું પોતાનું, સંતોષકારી કામ કરી શકીશ?'

તૃપ્તિ કહે છેઃ

'ડિજિટલ વર્લ્ડની સ્પર્ધામાં મારે નથી જોડાવું. જિંદગીની અમુક ખાસ પળોને આ કળામાં ઢાળવી છે. ફોટા ધારીએ એટલા પડાવી શકાય છે, જ્યારે પોર્ટ્રેટ લાઈફટાઈમ યાદગીરી તરીકે આપણે સાચવી-જાળવી શકીએ છીએ. તમે જ વિચારી જુઓ, તમને તમારી બર્થ-ડે કે ઍનિવર્સરીમાં તમારું પોતાનું પોર્ટ્રેટ ભેટસ્વરૂપે મળે તો કેવું સારું લાગે?'

*યૉર પોર્ટ્રેટ* ભારતની એકમાત્ર એવી કંપની છે, જે પોર્ટ્રેટ સર્વિસને કૉર્પોરેટક્ષેત્રે લઈ આવી છે. તૃપ્તિના મતે વિદેશમાં આવી સર્વિસ ખૂબ સહેલાઈથી ઉપલબ્ધ છે, પણ ખાસ્સી મોંઘી છે.

તૃપ્તિના બૅકગ્રાઉન્ડ પર નજર નાખતાં સમજાય છે કે વ્યક્તિ જો પૅશનેટ હોય-એનામાં લગન હોય તો કંઈ પણ શક્ય છે. તૃપ્તિનો જન્મ કોલકાતાના મારવાડી કુટુંબમાં થયો, પણ ઉછેર મુંબઈમાં થયો. કૉન્વેન્ટ સ્કૂલમાં ભણતાં ભણતાં સ્વિમિંગ અને બેડમિન્ટનની શોખીન તૃપ્તિ હિંદુસ્તાની ક્લાસિકલ મ્યુઝિક પણ શીખી. નાનપણથી મુક્ત અને પ્રેરણાદાયી વાતાવરણને કારણે તૃપ્તિમાં કળાનો સંચાર થવા લાગ્યો. દસમા ધોરણ બાદ તૃપ્તિએ *સોફિયા કૉલેજ* અને *જયહિંદ કૉલેજ*થી આર્ટ્સ કર્યું. ઈન્ટર્નશિપ વખતે *ઈન્ડિયન એક્સપ્રેસ*માં છ મહિના કામ કર્યું હોવાથી તૃપ્તિએ પત્રકાર બનવાનો નિર્ણય લીધો. એ કહે છેઃ

'રિપોર્ટિંગ કરવાનો, લોકોને મળવાનો અનુભવ જ અલગ હતો એટલે મને થયું કે સમાજમાં બદલાવ લાવવામાં નિમિત્ત બનવું હોય તો પત્રકારત્વ કરવું જોઈએ. પરિણામે મેં *સોફિયા કૉલેજ*થી *માસ કૉમ્યુનિકેશન*નો કોર્સ કર્યો.'

બસ, આવા વિચારોને કારણે તૃપ્તિએ નોકરી છોડી દીધી અને પત્રકારજગત પણ. આટલી સફળ અને ટોચની નોકરી છોડીને એણે *યૉર પોર્ટ્રેટ* કંપની શરૂ કરી. શરૂઆતમાં એ ઘરેથી અને એક આર્ટિસ્ટ સાથે કામ કરતી હતી, પણ અત્યારે દસ આર્ટિસ્ટ અને મસમોટા ક્લાયન્ટ્સ ધરાવતો તૃપ્તિનો બિઝનેસ ઝડપભેર વિસ્તરી રહ્યો છે. સતત રિસર્ચ, વાંચન અને ટ્રાવેલિંગને કારણે તૃપ્તિ અપડેટેડ રહે છે. એ પોતે પેઈન્ટ નથી કરતી, પણ ક્લાયન્ટને અંગત રીતે જાણીને આખાય પ્રોજેક્ટના વિઝ્યુલાઈઝેશનનું કામ એ પોતે સંભાળે છે. એક પ્રકારની બ્રાન્ડ ઈમેજ આ પોર્ટ્રેટ સાથે સંકળાય એવું બધું જ કામ એ કરે છે.

*યૉર પોર્ટ્રેટ* કંપની ક્યારેય માર્કેટિંગ કે ઍડ્વર્ટાઈઝમેન્ટ નથી કરતી. આ સિવાય પોર્ટ્રેટ બનાવવા માટે ઑઈલ અને એક્રેલિક રંગોનો જ ઉપયોગ થાય છે. કૅન્વાસની ક્વૉલિટીથી લઈને પૅકેજિંગ સુદ્ધાં અહીં અનોખી રીતે કરવામાં આવે છે. નવ બાય નવની મિનિમમ સાઈઝથી લાઈફ સાઈઝ સુધીનાં પોર્ટ્રેટ અહીં બનાવવામાં આવે છે. આ ઉપરાંત, મુંબઈ તો ખરું જ, પણ દિલ્હી બેંગલોર, કોલકાતા, દુબઈ અને અમેરિકામાં પણ *યૉર પોર્ટ્રેટ*ના ચાહકો છે. તૃપ્તિએ ઑનલાઈન સાઈટ પણ ત્રણેક મહિના પહેલાં જ શરૂ કરી છે. એ પોર્ટ્રેટમાં નવતર પ્રયોગો કરવા માગે છે. અત્યારે પોતાની કંપની આગળ વધારવા માટે એ વધુ ભણી રહી છે અને આર્ટ ડિઝાઈનનો કોર્સ કરવા વિદેશ પણ જવાની છે. તૃપ્તિ એક ઉત્તમ કક્ષાની વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર પણ છે. ભવિષ્યની યોજનામાં તૃપ્તિને આ આર્ટ ફૉર્મને વધુ લોકો સુધી પહોંચાડવું છે. રિટેઈલમાં ગિફ્ટિંગ આર્ટ તરીકે આ કળાને વિસ્તારવી છે. ■ તસવીરઃ **દીપક ધુરી**